વિષયઃ- તા.૨૦-૦૭-૨૦૨૬ નાં જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામઃ- શ્રી પ્રવિણભાઇ બીએ. સેગલીયા

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|
| ૨૭ (૧) | રાજકોટ મહાનગરપાલિકાની ડ્રેનેજ શાખા દ્વારા છેલ્લા એક વર્ષ દરમિયાન કરવામાં આવેલી તમામ કામગીરી અંગે વિગતવાર માહિતી જનરલ બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવે. | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ભુગર્ભ ગટર વ્યવસ્થાને વધુ સુદ્રઢ, કાર્યક્ષમ તથા વિસ્તૃત બનાવવા માટે અમૃત-૨.૦ યોજના, એસ.જે.એમ.એમ.એસ.વી.વાય. યોજના તથા મહાનગરપાલિકાના સ્વભંડોળ* હેઠળ નવા ડ્રેનેજ નેટવર્ક, હાઉસ કનેક્શન, અપગ્રેડેશન, ડ્રેનેજ સફાઈ તથા ડ્રેનેજ મેઇન્ટેનન્સની કામગીરી કરવામાં આવે છે. |
| | ૧) ડ્રેનેજ લાઇનના નવા કામો અને રીપેરીંગ માટે વોર્ડ વાઇઝ મંજુર થયેલા કામો, ટેન્ડરની વિગતો, કોન્ટ્રાકટરના નામ અને ખર્ચ, | ૧) ડ્રેનેજ લાઇનના નવા કામો અને રીપેરીંગ માટે વોર્ડ વાઇઝ મંજુર થયેલા કામો, ટેન્ડરની વિગતો, કોન્ટ્રાકટરના નામ અને ખર્ચની વિગતો આ સાથે **એનેક્ષર – ડી** થી સામેલ છે. |
| | ૨) નવા કેટલા કિ.મી. ડ્રેનેજ નેટવર્ક ઉમેરવામાં આવ્યું અને કેટલા વિસ્તારમાં હજુ પણ ડ્રેનેજ સુવિધાનો અભાવ છે, | **૨) નવા ડ્રેનેજ નેટવર્ક તથા ડ્રેનેજ સુવિધાનો વિસ્તાર**<br>ઉપરોક્ત સમયગાળા દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં અંદાજે ૪૫૨.૨૪૬ કિ.મી. જેટલું નવું ડ્રેનેજ નેટવર્ક ઉમેરવામાં આવેલ છે. હાલમાં માત્ર અમુક નવા વિકાસ પામતા ટી.પી. વિસ્તાર તથા નવી સોસાયટીઓમાં તબક્કાવાર ડ્રેનેજ સુવિધા ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| | ૩) ડ્રેનેજ સફાઇ, ડીસિલ્ટિંગ અને ચોકઅપ દૂર કરવાની કામગીરી પાછળ થયેલો ખર્ચ તથા તેની વર્તમાન વિગતો, | **૩) ડ્રેનેજ સફાઈ, ડી-સિલ્ટિંગ અને ચોકઅપ દૂર કરવાની કામગીરી**<br>છેલ્લા એક વર્ષ દરમિયાન શહેરના તમામ ૧૮ વોર્ડમાં ડ્રેનેજ લાઈનો, મેનહોલ તથા ચોકઅપ દૂર કરવાની નિયમિત કામગીરી કરવામાં આવી છે. આ કામગીરી પાછળ કુલ અંદાજે રૂ. ૪૪૧.૯૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. કામગીરી ટેન્ડર પ્રક્રિયા દ્વારા નિયુક્ત એજન્સીઓ મારફતે કરવામાં આવી છે તથા નિયમિત મોનિટરિંગ હેઠળ હાથ ધરવામાં આવે છે. |
| | ૪) છેલ્લા એક વર્ષમાં ડ્રેનેજ ઓવરફ્લો, ગટરના પાણી રસ્તા પર આવવા અથવા વરસાદ દરમિયાન પાણી ભરાવાની કેટલી ફરિયાદો નોંધાઇ, તેમાંથી કેટલી ફરિયાદનો સમયમર્યાદામાં નિકાલ થયો અને કેટલી બાકી છે, | **૪) છેલ્લા એક વર્ષમાં નોંધાયેલી ફરિયાદો તથા નિકાલ**<br>તા.૧૦/૦૭/૨૦૨૫ થી ૧૦/૦૭/૨૦૨૬ દરમિયાન શહેરમાં ડ્રેનેજ ઓવરફ્લોની કુલ-૨,૭૬,૯૪૪ ફરિયાદો પ્રાપ્ત થયેલ છે, જેમાંથી ૨,૭૬,૯૪૪ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.<br>તે જ સમયગાળા દરમિયાન વરસાદી પાણી ભરાવાની કુલ-૧,૧૧૭ ફરિયાદો નોંધાયેલ છે, જેમાંથી ૧,૧૧૭ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. પ્રાપ્ત થતી તમામ ફરિયાદોનું નિયત સમયમર્યાદામાં પ્રાથમિકતાના ધોરણે નિવારણ કરવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| | ૫) જે વિસ્તારોમાં વારંવાર એક જ પ્રકારની ડ્રેનેજ સમસ્યા સર્જાય છે ત્યાં કાયમીએ ઉકેલ માટે શું કાર્યવાહી કરવામાં આવી, | **૫) વારંવાર સર્જાતી ડ્રેનેજ સમસ્યાનો કાયમી ઉકેલ**<br>જ્યાં વારંવાર ડ્રેનેજ સંબંધિત સમસ્યા સર્જાય છે તેવા વિસ્તારોમાં માત્ર તાત્કાલિક સફાઈ સુધી મર્યાદિત ન રહી, પરંતુ ટેકનિકલ સર્વેના આધારે ડ્રેનેજ લાઇનનું અપગ્રેડેશન કરવામાં આવે છે.<br><br>કેટલાક સ્લમ વિસ્તારોમાં નિયમિત મેનહોલ અને ડ્રેનેજ લાઇનની સફાઈ કરવામાં આવે છે, જ્યારે સમર્પણ પાર્ટી પ્લોટ, જુનો મોરબી રોડ, પરશુરામ ઇન્ડસ્ટ્રીઝ, જંગલેશ્વર આવાસ, ખોડીયારપરા, સોલવન્ટ વિસ્તાર, શ્રદ્ધા પાર્ક, મોટામવા તથા અન્ય વિસ્તારોમાં અપગ્રેડેશન અથવા નવી ડ્રેનેજ લાઇનના કામોનું આયોજન/ટેન્ડર/ અમલીકરણ હાથ ધરવામાં આવ્યું છે. |
| | ૬) આગામી વર્ષ માટે નવી ડ્રેનેજ લાઇન, જુની લાઇનના રીનોવેશન અને ક્ષમતાવર્ધન માટે શાખાનો ચોક્કસ એકશન પ્લાન શું છે, તેની સંપૂર્ણ વિગતો રજુ કરવામાં આવે. | **૬) આગામી વર્ષ માટેનો એક્શન પ્લાન**<br>આગામી સમયગાળા દરમિયાન શહેરના જુના ડ્રેનેજ નેટવર્કનું રીનોવેશન, ક્ષમતાવર્ધન તથા નવા વિકાસ પામતા વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્ક ઉપલબ્ધ કરાવવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવ્યું છે.<br>હાલમાં વોર્ડ નં.-૪, ૧૫, ૧૬ અને ૧૮ ના વિસ્તારોમાં ડ્રેનેજ અપગ્રેડેશન માટે અંદાજપત્ર તૈયાર કરવામાં આવેલ છે તથા જરૂરી ફંડ એલોકેશન અને વહીવટી પ્રક્રિયા પ્રગતિમાં છે. અન્ય વિસ્તારોમાં પણ જરૂરિયાત મુજબ ટેકનિકલ સર્વેના આધારે આગામી તબક્કામાં આયોજન કરવામાં આવશે.<br>**લક્ષ્યાંક સામે સિદ્ધિ તથા કાર્યવાહીઃ-** |
| | ઉપરોકત તમામ કામગીરી માટે નિર્ધારિત લક્ષ્યાંક સામે વાસ્તવિક સિદ્ધિ કેટલી રહી? જ્યાં લક્ષ્યાંક પૂર્ણ થયા નથી અથવા એક જ સ્થળે વારંવાર ડ્રેનેજ સમસ્યા સર્જાઇ છે, ત્યાં જવાબદાર અધિકારી અને કોન્ટ્રાકટર સામે શું કાર્યવાહી કરવામાં આવે છે અથવા કરવામાં આવશે તેની પણ સ્પષ્ટ માહિતી આપવામાં આવે. | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ડિસેમ્બર – ૨૦૨૬ સુધી તમામ હાઉસ હોલ્ડને ડ્રેનેજ સુવિધા આપવાનો લક્ષ્યાંક છે. જેની સામે અત્યાર સુધીમાં અંદાજે ૯૮% લક્ષ્યાંક પૂર્ણ થયેલ છે. બાકી રહેતી કામગીરી ચોમાસા બાદ પૂર્ણ કરવામાં આવશે.<br>જયાં વારંવાર ડ્રેનેજ ઉભરાવવાની સમસ્યા સર્જાઇ છે. તેના અલગ અલગ કારણો ધ્યાનમાં આવેલ છે. જેમાં મુખ્યત્વે ઘન કચરો આવી જવાને કારણે ડ્રેનેજ ઓવરફ્લો થાય છે. કોન્ટ્રાકટરો દ્વારા મુખ્યત્વે ડ્રેનેજ ફરિયાદનાં નિવારણની કામગીરી કરવામાં આવે છે. જેનું નિરીક્ષણ લગત વોર્ડનાં સ્ટાફ દ્વારા કરવામાં આવે છે. |

**એડી. સીટી એન્જીનીયર**
**(સેન્ટ્રલ ઝોન)**
**રાજકોટ મહાનગરપાલિકા**

## રાજકોટ મહાનગરપાલિકા

## સભ્યશ્રી પ્રવિણભાઇ બી. સેગલીયાનાં પ્રશ્ન ક્રમ નં.૨૭(૧.૧) અન્વયેની માહિતી

## ડ્રેનેજ લાઇનનાં નવા કામ / રીપેરીંગની વિગત

## એનેક્ષર - (~~ક્રમ-૧~~) ડી

| ક્રમ | વોર્ડ નં. | કામનું નામ | મંજુર થયેલ નવું કામ કે રીપેરીંગ કામ | એજન્સીનું નામ | અત્યાર સુધીમાં થયેલ ખર્ચની વિગત (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| 1 | 1 | વોર્ડ નં.-૧માં રાજકોટ મહાનગરપાલિકા વિસ્તાર (એસ.પી.એસ.-૦૧/૧, વર્ધમાનનગરની દક્ષિણ તરફે ૨૪.૦૦ મી. ડી.પી. રોડમાં એસ.પી.એસ.-૦૧ ડ્રેનેજ નેટવર્ક તૈયાર કરવાનું તેમજ રસ્તો મરામત કરવાનું કામ. | નવું કામ | સિધ્ધનાથ કન્સ્ટ્રકશન | 808.95 |
| 2 | 1 | વોર્ડ નં.-૧માં રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં (એસ.પી.એસ.-૦૧/૨, દક્ષિણ તરફે વર્ધમાનનગર ૨૪.૦૦ મી. ડી.પી. રોડ) પર ડ્રેનેજ નેટવર્ક તૈયાર કરવાનું તેમજ રસ્તો મરામત કરવાનું કામ. | નવું કામ | ધેનુ ઇન્ફ્રાસ્ટ્રકચર | 966.88 |
| 3 | 1 | "અમૃત-૨.૦" યોજના અંતર્ગત વોર્ડ નં.-૧માં (એસ.પી.એસ.-૦૨/૧) - જામનગર હાઇ-વે રોડનાં ઉત્તર તરફનાં ભાગમાં ડ્રેનેજ સીવરેજ નેટવર્ક અને રેલ્વે ક્રોસીંગ, રાજકોટ જામનગર હાઇ-વેમાં પાઇપ પુસીંગ કરવાનું તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ. | નવું કામ | પેલીકન ઇન્ફ્રાસ્ટ્રકચર | 1540.46 |
| 4 | 1 | વોર્ડ નં.-૧માં એસ.આર.પી. કેમ્પસ તથા ગ્રીનલીફ પાસેના વિસ્તારમાં નવું ડ્રેનેજ નેટવર્ક કરવાનું કામ. | નવું કામ | પેલીકન ઇન્ફ્રાસ્ટ્રકચર | 922.27 |
| 5 | 1 | વોર્ડ નં.-૧માં ઘંટેશ્વર ગામ, એફ.સી.આઇ. ગોડાઉન, ટી.પી. સ્કીમ નં.-૩૩ પાસેનાં વિસ્તારમાં ડ્રેનેજ લાઇનનું કામ.. | નવું કામ | સ્ટર્લીંગ ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની | 1814.75 |
| 6 | 1 | "અમૃત-૨.૦" યોજના અંતર્ગત વોર્ડ નં.-૧માં (એસ.પી.એસ.-૧, પાર્ટ-૧ તથા પાર્ટ-૨) - વર્ધમાનનગર ૨૪.૦૦ મી. ડી.પી. રોડનાં ઉત્તર તથા દક્ષિણ તરફનાં ભાગમાં ડ્રેનેજ હાઉસ કનેકશન સીસ્ટમ બનાવવાનું તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ. | નવું કામ | પેલીકન ઇન્ફ્રાસ્ટ્રકચર | 1043.91 |
| 7 | 1 | "અમૃત-૨.૦" યોજના અંતર્ગત વોર્ડ નં.-૧માં (એસ.પી.એસ.-૨, પાર્ટ-૧ તથા પાર્ટ-૨) - જામનગર હાઇ-વે રોડનાં ઉત્તર તરફનાં વિસ્તારમાં તથા એસ.આર.પી. કેમ્પ અને ગ્રીન લીફ પાસેનાં વિસ્તારમાં ડ્રેનેજ હાઉસ કનેકશન સીસ્ટમ તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ. | નવું કામ | પેલીકન ઇન્ફ્રાસ્ટ્રકચર | 777.90 |
| 8 | 1 | વોર્ડ નંબર-**1** માં **RMC** વિસ્તાર (ભાગ-**3, F.C.I.** ગોડાઉનનો ભાગ, ઘંટેશ્વર ગામ અને **TP-33** નો વિસ્તાર) માં **SPS-02** માં હાઉસ કનેકશન જોડાણ કરવાનું કામ. | નવું કામ | સ્ટર્લીંગ ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની | 530.97 |
| 10 | 3 | વોર્ડ નં.-**03** માં માધાપર જંકશન માં દક્ષિણ - પશ્ચિમ ભાગમા ડ્રેનેજ લાઇન નાખવાના તથા રસ્તો મરામત કરવાનું કામ. (પાર્ટ-૧) | નવું કામ | કે.એસ.ડી. કન્સ્ટ્રકશન | 880.00 |
| 11 | 3 | વોર્ડ નં.-**03** માં માધાપર જંકશન માં ઉત્તર - પુર્વ ભાગમા ડ્રેનેજ લાઇન નાખવાના તથા રસ્તો મરામત કરવાનું કામ. (પાર્ટ-3) | નવું કામ | ધેનુ ઇન્ફ્રાસ્ટ્રકચર | 545.00 |
| 12 | 3 | વોર્ડ નં.-**03** માં માધાપર જંકશન માં દક્ષિણ - પુર્વ ભાગમા ડ્રેનેજ લાઇન નાખવાના તથા રસ્તો મરામત કરવાનું કામ. (પાર્ટ-૪) | નવું કામ | સિધ્ધનાથ કન્સ્ટ્રકશન | 439.00 |
| 13 | 3 | વોર્ડ નં.૩ માં ૧૫૦ ફૂટ રીંગ રોડ માધાપર સર્કલની દક્ષિણ - પશ્ચિમ બાજુનાં ભાગમાં ડ્રેનેજ પાઇપ લાઇન, હાઉસ કનેકશન ચેમ્બર તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ. (પાર્ટ-૧) | નવું કામ | સિધ્ધનાથ કન્સ્ટ્રકશન | 337.00 |
| 14 | 3 | વોર્ડ નં.૩ માં ૧૫૦ ફૂટ રીંગ રોડ માધાપર સર્કલની ઉત્તર - પશ્ચિમ બાજુનાં ભાગમાં ડ્રેનેજ પાઇપ લાઇન, હાઉસ કનેકશન ચેમ્બર તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ. (પાર્ટ-2A) | નવું કામ | ચકુભાઈ હિરાભાઈ પરમાર | 180.00 |
| 15 | 3 | વોર્ડ નં.૩ માં ૧૫૦ ફૂટ રીંગ રોડ માધાપર સર્કલની ઉત્તર પશ્ચિમ બાજુનાં ભાગમાં ડ્રેનેજ પાઇપ લાઇન, હાઉસ કનેકશન ચેમ્બર તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ. (પાર્ટ-2B) | નવું કામ | સિધ્ધનાથ કન્સ્ટ્રકશન | 142.00 |
| 16 | 3 | વોર્ડ નં.૩ માં ૧૫૦ ફૂટ રીંગ રોડ માધાપર સર્કલની ઉત્તર - પુર્વ બાજુનાં ભાગમાં ડ્રેનેજ પાઇપ લાઇન, હાઉસ કનેકશન ચેમ્બર તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ. (પાર્ટ-3) | નવું કામ | ચકુભાઈ હિરાભાઈ પરમાર | 107.00 |
| 17 | 3 | વોર્ડ નં.૩ માં ૧૫૦ ફૂટ રીંગ રોડ માધાપર સર્કલની દક્ષિણ - પુર્વ બાજુનાં ભાગમાં ડ્રેનેજ પાઇપ લાઇન, હાઉસ કનેકશન ચેમ્બર તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ. (પાર્ટ-૪) | નવું કામ | સિધ્ધનાથ કન્સ્ટ્રકશન | 328.00 |
| 19 | 4 | વોર્ડ નં. ૪ માં ટીપી સ્કીમ નં.૧૪,૧૭,૧૮ માં નવી બનતી સોસા.માં ડ્રેનેજ લાઇન નાખવાનું કામ | નવું કામ | જગદીશ.એમ. ભોજાણી | 50.00 |
| 20 | 4 | વોર્ડ નં. ૪ માં બાકી રહેતી જુદી જુદી સોસાયટી માં ડ્રેનેજ કરવાનું કામ | નવું કામ | ગાંગાભાઈ માલદેભાઈ વાલવા | 87.00 |

| ક્રમ | વોર્ડ નં. | કામનું નામ | મંજુર થયેલ નવું કામ કે રીપેરીંગ કામ | એજન્સીનું નામ | અત્યાર સુધીમાં થયેલ ખર્ચની વિગત (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| 22 | 6 | વોર્ડ નં.૦૬ માં પરશુરામ ઇન્ડસ્ટ્રીઝ માં બાકી રહેતા ભાગમાં ડ્રેનેજ મેઈન લાઈન તથા હાઉસ કનેક્શન ચેમ્બર બનાવવાનું કામ. | નવું કામ | કષ્ટભંજન કન્સ્ટ્રકશન | 34.00 |
| 23 | 6 | વોર્ડ નં.૦૬ માં પરશુરામ ઇન્ડસ્ટ્રીઝ માં ડ્રેનેજ મેઈન લાઈન અપગ્રેડેશન કરવાનું કામ | અપગ્રેડેશન | ચકુભાઈ હીરાભાઈ પરમાર | 56.73 |
| 26 | 9 | વોર્ડ નં.-૯માં "અમૃત-૨.૦૦" યોજના હેઠળ મુંજકા વિસ્તારમાં પ્રપોઝ્ડ એસ.પી.એસ.-મુંજકા રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક તૈયાર કરવાનું તેમજ રોડ રીસ્ટોરેશનનનું કામ. (પાર્ટ-૧) | નવું કામ | ઓડેદરા કન્સ્ટ્રકશન કંપની | 320.15 |
| 27 | 9 | વોર્ડ નં.-૯માં "અમૃત-૨.૦૦" યોજના હેઠળ મુંજકા વિસ્તારમાં પ્રપોઝ્ડ એસ.પી.એસ.-મુંજકા રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક તૈયાર કરવાનું તેમજ રોડ રીસ્ટોરેશનનનું કામ. (પાર્ટ-૨) | નવું કામ | એસ.કે.મકવાણા એન્ડ કંપની | 435.15 |
| 28 | 9 | વોર્ડ નં.-૯માં "અમૃત-૨.૦૦" યોજના હેઠળ મુંજકા વિસ્તારમાં પ્રપોઝ્ડ એસ.પી.એસ.-મુંજકા રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક તૈયાર કરવાનું તેમજ રોડ રીસ્ટોરેશનનનું કામ. (પાર્ટ-3) | નવું કામ | એસ.કે.મકવાણા એન્ડ કંપની | 544.04 |
| | 9 | વોર્ડ નં.-૯માં "અમૃત-૨.૦૦" યોજના હેઠળ મુંજકા વિસ્તારમાં પ્રપોઝ્ડ એસ.પી.એસ.-મુંજકા રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્ક તૈયાર કરવાનું તેમજ રોડ રીસ્ટોરેશનનનું કામ. (પાર્ટ-૪) | નવું કામ | એસ.કે.મકવાણા એન્ડ કંપની | 618.24 |
| | 9 | વોર્ડ નં.-૯માં "અમૃત મિશન-૨.૦૦" અંતર્ગત નવાં ભળેલા વિસ્તાર મુંજકા (પાર્ટ-૫)માં ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ. | નવું કામ | ઓડેદરા કન્સ્ટ્રકશન એન્ડ કંપની | 888.90 |
| | 9 | વોર્ડ નં.-૯માં **RMC** વિસ્તારના મુંજકા ખાતે સૂચિત **SPS** માટે રોડ રિસ્ટોરટોન સાથે હૈયાત ગટર નેટવર્ક અને હાઉસ કનેકશન કરવાનું કામ. **(ભાગ-1, ભાગ-2 અને ભાગ-3)** | નવું કામ | બેકબોન કન્સ્ટ્રકશન કંપની | 134.22 |
| | 9 | "અમૃત-૨.૦" યોજના અંતર્ગત વોર્ડ નં.-૯માં મુંજકા વિસ્તારમાં પ્રપોઝ્ડ એસ.પી.એસ.માં (પાર્ટ-૧ થી ૫માં) ડ્રેનેજ હાઉસ કનેકશન સીસ્ટમ તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ. | નવું કામ | બેકબોન કન્સ્ટ્રકશન કંપની | 1015.97 |
| | 9 | વોર્ડ નં.-૯માં "અમૃત-૨.૦૦" યોજના હેઠળ મુંજકા તથા લાગુ વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્ક તૈયાર કરવાનું તથા રોડ રીસ્ટોરેશનનું કામ. (પાર્ટ-૧) | નવું કામ | બેકબોન કન્સ્ટ્રકશન કંપની | 1475.45 |
| | 9 | વોર્ડ નં.-૯માં "અમૃત-૨.૦૦" યોજના હેઠળ મુંજકા તથા લાગુ વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્ક તૈયાર કરવાનું તથા રોડ રીસ્ટોરેશનનું કામ. (પાર્ટ-૨) | નવું કામ | બેકબોન કન્સ્ટ્રકશન કંપની | 872.86 |
| 10 | 9 | વોર્ડ નં.-૯માં "અમૃત-૨.૦૦" યોજના હેઠળ મુંજકા તથા લાગુ વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્ક તૈયાર કરવાનું તથા રોડ રીસ્ટોરેશનનું કામ. (પાર્ટ-3) | નવું કામ | ઓડેદરા કન્સ્ટ્રકશન કંપની | 961.69 |
| 11 | 11 | "અમૃત યોજના-૨.૦૦" અંતર્ગત વોર્ડ નં.-૧૧માં રાજકોટ મહાનગરપાલિકા વિસ્તા રમાં હૈયાત સીવેજ પંમ્પીંગ સ્ટેશન-મુંજકાને લાગુ ૧૫૦ ફુટ રીંગ રોડ, મુંજકા પાસે, ભુગર્ભ ગટરની લાઇન નાંખવાનું તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ (પાર્ટ-૬). | નવું કામ | ધેનુ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા. લી. | 1481.68 |
| | 11 | "અમૃત યોજના-૨.૦૦" અંતર્ગત વોર્ડ નં.-૧૧માં રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં હૈયાત સીવેજ પંમ્પીંગ સ્ટેશન-મુંજકાને લાગુ કાલાવડ રોડ વિસ્તારમાં ભુગર્ભ ગટરની લાઇન નાંખવાનું તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ (પાર્ટ-૭). | નવું કામ | ધેનુ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા. લી. | 1088.75 |
| | 11 | "અમૃત યોજના-૨.૦૦" અંતર્ગત વોર્ડ નં.-૧૧માં રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં નવાં ૧૫૦ ફુટ રીંગ રોડ તથા લાગુ વિસ્તારનાં ટી.પી. રસ્તા પર ભુગર્ભ ગટરની લાઇન નાંખવાનું તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ (પાર્ટ-૮). | નવું કામ | સિધ્ધનાથ કન્સ્ટ્રકશન | 984.73 |
| | 11 | "અમૃત યોજના-૨.૦૦" અંતર્ગત વોર્ડ નં.-૧૧માં રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં હૈયાત પંમ્પીંગ સ્ટેશનને લાગુ મુંજકા, મોટામવા ગામમાં ભુગર્ભ ગટરની લાઇન નાંખવાનું તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ. (પાર્ટ-૯) | નવું કામ | ધેનુ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા. લી. | 705.66 |
| | 11 | વોર્ડ નં.-૧૧માં "અમૃત મિશન-૨.૦૦" અંતર્ગત મોટામવા (પોકેટ-૧૦) લાગુ વિસ્તારમાં ડ્રેનેજ લાઇન નાંખવાનું કામ. | નવું કામ | હાઇબોન્ડ ઇન્ફ્રા પ્રાઇવેટ લીમીટેડ | 889.52 |
| | 11 | "અમૃત-૨.૦" યોજના અંતર્ગત વોર્ડ નં.-૧૧માં મોટામવા તથા લક્ષ્મીઢોરા વિસ્તારમાં ડ્રેનેજ હાઉસ કનેકશન ચેમ્બર બનાવવાનું તથા રોડ રીસ્ટોરેશન કરવાનું કામ. | નવું કામ | સ્ટર્લીંગ ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની | 755.49 |

| ક્રમ | વોર્ડ નં. | કામનું નામ | મંજુર થયેલ નવું કામ કે રીપેરીંગ કામ | એજન્સીનું નામ | અત્યાર સુધીમાં થયેલ ખર્ચની વિગત (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| | 11 | વોર્ડ નં.-૧૧માં "અમૃત મિશન-૨.૦૦" અંતર્ગત જેટકો ચોકડી લાગુ વિસ્તારમાં ભુગર્ભ ગટર નેટવર્ક કરવાનું કામ. | નવું કામ | હાઇબોન્ડ ઇન્ફ્રા પ્રાઇવેટ લીમીટેડ | 1551.40 |
| | 12 | રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારનાં વોર્ડ નં.-૧૧ (પાર્ટ) તથા ૧૨ (પાર્ટ)માં "અમૃત-૨.૦૦" અંતર્ગત ડ્રેનેજ પાઇપ લાઇન નેટવર્ક અને હાઉસ કનેકશન ચેમ્બાર બનાવવાનું કામ. | નવું કામ | રાજા રામ કન્સ્ટ્રકશન | 2582.52 |
| 13 | 13 | વોર્ડ નં.૧૩ માં ધારા ગેસ ગોડાઉન રોડ પર ડ્રેનેજ પાઇપ લાઇન નાખવાનું કામ. | નવું કામ | ગાંગાભાઇ માલ્દેભાઇ વાલ્વા | 45.00 |
| 15 | 15 | વોર્ડ નં.૧૫ માં **SJMMSVY** યોજના હેઠળ **80** ફૂટ રોડ, ભાવનગર રોડ, ગંજીવાડા મેઇન રોડ, ચુનારવાડ મેઇન રોડને લાગુ વિવિધ વિસ્તારમાં ડ્રેનેજ લગત હયાત પાઇપલાઇન અપગ્રેડ કરવાનું કામ | નવું કામ | કે.એસ.ડી. કન્સ. | 209.00 |
| 18 | 18 | વોર્ડ નં ૧૮ માં વિરાણી અઘાટ ખોડીયાર ઇન્ડસ્ટ્રીઝ વિગેરેમાં ડ્રેનેજ લાઈન તથા હાઉસ ચેમ્બર બનાવવાનું કામ | નવું કામ | ચકુભાઈ હીરાભાઈ પરમાર | 66.21 |
| 19 | 18 | વોર્ડ નં.૧૮ માં જુદી જુદી સોસાયટીઓમાં મેનહોલ તથા હાઉસ કનેક્શન ચેમ્બર રોડ લેવલ કરવાનું કામ. | નવું કામ | જગદીશભાઈ ભોજાણી | 17.58 |
| 20 | 18 | વોર્ડ નં.૧૮ માં કોઠારિયા મેઈન રોડ પર ટી.પી. સ્કીમ નં.૩૮,૩૯ માં ડ્રેનેજ લાઈન નાખવાનું કામ. | નવું કામ | ઘેનું ઇન્ફ્રા. | 365.00 |

રા.મ.ન.પા/વો.વ./સે.ઓ/જા. નં.૬૮૩ | તારીખ: ૧૫/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ : શ્રીપ્રવીણભાઈ સેગલીયા | વોર્ડ નં. ૮

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૨૭ | ૦૧ | રાજકોટ મહાનગરપાલિકાની ડ્રેનેજ શાખા દ્વારા છેલ્લા એક વર્ષ દરમિયાન કરવામાં આવેલી તમામ - કામગીરી અંગે વિગતવાર માહિતી જનરલ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવે.<br>(1) ડ્રેનેજ લાઇનના નવા કામો અને રિપેરિંગ માટે વોર્ડવાઈઝ મંજૂર થયેલા કામો, ટેન્ડરની વિગતો, કોન્ટ્રાક્ટરના નામ અને ખર્ચ, (2) નવા કેટલા કિ.મી. ડ્રેનેજ નેટવર્ક ઉમેરવામાં આવ્યું અને કેટલા વિસ્તારમાં હજુ પણ ડ્રેનેજ સુવિધાનો અભાવ છે, (3) ડ્રેનેજ સફાઈ, ડીસિલ્ટિંગ અને ચોકઅપ દૂર કરવાની કામગીરી પાછળ થયેલો ખર્ચ તથા તેની વર્તમાન વિગતો, (4) છેલ્લા એક વર્ષમાં ડ્રેનેજ ઓવરફ્લો, ગટરના પાણી રસ્તા પર આવવા અથવા વરસાદ દરમિયાન પાણી ભરાવાની કેટલી ફરિયાદો નોંધાઈ, તેમાંથી કેટલી ફરિયાદનો સમયમર્યાદામાં નિકાલ થયો અને કેટલી બાકી છે, (5) જે વિસ્તારોમાં વારંવાર એક જ પ્રકારની ડ્રેનેજ સમસ્યા સર્જાય છે ત્યાં કાયમી ઉકેલ માટે શું કાર્યવાહી કરવામાં આવી, (6) આગામી વર્ષ માટે નવી ડ્રેનેજ લાઇન, જૂની લાઇનના રિનોવેશન અને ક્ષમતાવર્ધન માટે શાખાનો ચોક્કસ એક્શન પ્લાન શું છે, તેની સંપૂર્ણ વિગતો રજૂ | વોટર મેનેજમેન્ટ યુનિટના ડ્રેનેજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા હાલમાં એજન્સી દિવ્યા એન્ટરપ્રાઇસ દ્વારા માધાપર પંપીંગ સ્ટેશનથી માધાપર STP સુધી 600 MMડાયા. ની રાઈઝીંગ મેઇન DI પાઇપલાઇન નાખવાનું કામ હાલમાં પ્રગતી હેઠળ છે આ કામે કુલ રૂ. ૨૨૭ લાખનો ખર્ચ થવા પામશે<br>ફિઝીકલ પ્રોગ્રેસ -50%<br>ફાઇનન્સીયલ પ્રોગ્રેસ -42% |

| | | | |
|---|---|---|---|
| | | કરવામાં આવે.<br>ઉપરોક્ત તમામ કામગીરી માટે નિર્ધારિત લક્ષ્યાંક સામે વાસ્તવિક સિદ્ધિ કેટલી રહી? જ્યાં લક્ષ્યાંક પૂર્ણ થયા નથી અથવા એક જ સ્થળે વારંવાર ડ્રેનેજ સમસ્યા સર્જાઈ છે, ત્યાં જવાબદાર અધિકારી અને કોન્ટ્રાક્ટર સામે શું કાર્યવાહી કરવામાં આવી છે અથવા કરવામાં આવશે તેની પણ સ્પષ્ટ માહિતી આપવામાં આવે. | |

શાખા: વોટર મેનેજમેન્ટ યુનિટ

શાખાધિકારીની સહી:

શાખાધિકારીનું નામ: કે.પી. દેથરીયા

હોદ્દો: એડી.સિટી એન્જીનીયર

રા.મ.ન.પા/વો.વ/જા. નં.૬૮૭ તારીખ : ૧૬/૦૭/૨૦૨૬

## વિષય : તા. ૨૦/૦૭/૨૦૨૬ ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

### સભ્યશ્રીનું નામ : શ્રી પ્રવીણભાઈ સેગલીયા

| પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
| --- | --- | --- |
| ૨૭(૨) | રાજકોટ મહાનગરપાલિકાના 56 MLD એસ.ટી.પી. પ્લાન્ટમાં ઇનલેટથી લઈને અંતિમ ટ્રીટમેન્ટ અને વિતરણ વ્યવસ્થા સુધી અનેક મહત્વપૂર્ણ યાંત્રિક અને ઇલેટ્રીકલ સાધનો લાંબા સમયથી| બિનકાર્યરત હોવાની હકીકત સામે આવી છે. જેમાં મિકેનિકલ સ્ક્રીન, pH મીટર, DO સેન્સર, ડિફ્યુઝર, ડિકેન્ટર, બ્લોઅર્સ, ક્લોરિન પ્લાન્ટ, સેન્ટ્રીફ્યુજ અને સ્લજ હેન્ડલિંગ સિસ્ટમ, SCADA સિસ્ટમના ફ્લો મીટર અને સેન્સરર્સ, ટ્રાન્સફોર્મર તથા VCB પેનલ જેવી આવશ્યક સિસ્ટમો કાર્યરત નથી. ત્યારે પ્રશ્ન એ. છે કે આ તમામ ખામીઓ અંગે તંત્રને પ્રથમ વખત ક્યારે જાણ થઈ હતી? આજદિન સુધી તેને દૂર કરવા| માટે કેટલો ખર્ચ મંજૂર અને વાસ્તવમાં કરવામાં આવ્યો છે? જવાબદાર અધિકારી અને જાળવણી એજન્સી સામે શું કાર્યવાહી કરવામાં આવી છે? આ ખામીઓના કારણે પ્લાન્ટ તેની મંજૂર ક્ષમતા મજબ કામગીરી કરી રહ્યો છે કે નહીં અને ટ્રીટમેન્ટની ગુણવત્તા GPCB/CPCBના ધોરણો મુજબ જળવાઈ રહી છે કે નહીં? જો નહીં, તો છેલ્લા એક વર્ષ દરમિયાન કેટલું અશુદ્ધ અથવા અધૂરું ટ્રીટ થયેલું પાણી છોડવામાં આવ્યું છે, તેની જવાબદારી કોની છે અને સમગ્ર પ્લાન્ટને સંપર્ણ કાર્યરત બનાવવા માટે તંત્રનો સમયબદ્ધ એક્શન પ્લાન શું છે? | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલમાં રૈયાધાર ખાતે ૫૬ MLD STP પ્લાન્ટ કાર્યરત છે. જે એજન્સી મે. ગ્લોબલ એનવાયરોસ દ્વારા તા. ૦૫/૧૧/૨૦૨૫ થી કોમ્પ્રેહેન્સીવ O&Mનું કામ આપવામાં આવેલ છે.<br>૧) મિકેનિકલ સ્ક્રીન હાલમાં સમ્પુર્ણ કાર્યરત છે.<br>૨) pH મીટર ના રીડીંગ OCEMS સિસ્ટમમાં જોઇ શકાય છે.<br>3) DO સેન્સર – ચારેય બેઝીન માં DO સેન્સર કાર્યરત છે.<br>૪) બ્લોઅરની વિગતો<br>a) બ્લોઅર-૧ કાર્યરત છે.<br>b) બ્લોઅર-૨ કાર્યરત છે.<br>c) બ્લોઅર-3 કાર્યરત છે.<br>d) બ્લોઅર -૬ કાર્યરત છે.<br>e) બ્લોઅર -૫,૮ કાર્યરત છે.<br>f) બ્લોઅર-૪ તા.૨૯.૬.૨૬ થી મેઈન્ટેનન્સમાં છે. ટ્વીન લોબ રોટર અલાઈમેન્ટ પ્રોબ્લેમ હોય, હાલ એજન્સી દ્વારા બ્લોઅર રીપેરીંગ કામના જાણકાર ટીમ પાસેથી મેઈન્ટેનન્સ કરાવવા માટે વ્યવસ્થા કરાયેલ છે. જે કામ આગામી ૧.૫ માસમાં પૂર્ણ કરવામાં આવશે.<br>g) બ્લોઅર-૭ રીપેરેબલ ન હોવાથી રા.મ્યુ.કો. ડીપાર્ટમેન્ટ કક્ષાએ નવું ખરીદ કરીને ફીટ કરવાનું થાય છે.<br>૫) ક્લોરીનેશન પ્લાન્ટ કાર્યરત છે.<br>૬) સેન્ટ્રીફ્યુજ અને સ્લજ હેન્ડલિંગ સિસ્ટમ કાર્યરત છે.<br>૭) SCADA સિસ્ટમના ફ્લોમીટર અને સેન્સરર્સ કાર્યરત છે.<br>૮) VCB પેનલ કાર્યરત છે.<br>૯) a) ટ્રાન્સફોર્મર -૧ કાર્યરત છે. b) ટ્રાન્સફોર્મર-૨ તા. ૧૮.૦૬.૨૬ નાં રોજ રીપેરીંગ અર્થે રાજકોટ ખાતે વર્કશોપમાં મોકલાવેલ છે. જેનું કમ્પની વર્કશોપમાં ટેસ્ટીંગ ચાલુ છે. ટ્રાન્સફોર્મર રીપેર થયે તા.૨૪.૦૭.૨૬ સુધીમાં પ્લાન્ટ પર ઇન્સ્ટોલ કરવામાં આવશે. |

| | | |
|---|---|---|
| | | નોંધ: ટેન્ડરની શરત મુજબ નિયત સમયગાળા મેઈન્ટેનન્સ કામ ન પુર્ણ થતા તેની ભરપાઇ પેનલ્ટી પેટે એજન્સીના રનીંગ બીલમાંથી કપાત કરવામાં આવશે. |
| | પ્રશ્ન એ. છે કે આ તમામ ખામીઓ અંગે તંત્રને પ્રથમ વખત ક્યારે જાણ થઈ હતી? | - બ્લોઅર-૪ની ખામી તા.૨૯.૬.૨૬નાં રોજ પ્રથમ જાણ થયેલ છે.<br>- ટ્રાન્સફોર્મર-૨ ની ખામી તા. ૧૫.૦૫.૨૬નાં રોજ પ્રથમ જાણ થયેલ છે.<br><br>STP ની મશીનરીમાં ખામી બાબતે જણાવવાનું કે STP ની રૂટીન વિઝીટ દરમ્યાન મશીનરીમાં આવેલ ખામીઓ ધ્યાને આવતી હોય છે. જેની રીપેરીંગ બાબતની સુચનાં સાઈટ પરનાં વિઝીટ રજીસ્ટરમાં સ્ટાફ દ્વારા કરવામાં આવે છે. ઉપરાંત બ્લોવર નં-૪,૫,૮ માટે તા. ૦૭.૦૭.૨૬ નાં રોજ પત્રથી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા તેની જાણ એજન્સીને કરવામાં આવેલ છે. |
| | આજદિન સુધી (સીસ્ટમ ખામીઓ)તેને દૂર કરવા માટે કેટલો ખર્ચ મંજૂર અને વાસ્તવમાં કરવામાં આવ્યો છે? | આ પ્લાન્ટનું કોમ્પ્રેહેન્સીવ ઓપરેશન & મેઇન્ટેનન્સ કોન્ટ્રાક્ટ પધ્ધતિથી મે. ગ્લોબલ એન્વાયરોસ દ્વારા સાંભળવામાં આવે છે. કોમ્પ્રેહેન્સીવ ઓપરેશન & મેઇન્ટેનન્સ માં રીપેરીંગનો તમામ ખર્ચ એજન્સીએ ભોગવવાનો રહે છે. એજન્સીને કોમ્પ્રેહેન્સીવ ઓપરેશન & મેઇન્ટેનન્સ માટે રા.મ્યુ.કો દ્વારા માસિક બીલનું ચુકવણું કરવામાં આવે છે. |
| | જવાબદાર અધિકારી અને જાળવણી એજન્સી સામે શું કાર્યવાહી કરવામાં આવી છે? | જવાબદાર અધિકારી દ્વારા સમયાંતરે સઘન સુપરવિઝન સાથે સાઈટ પર રીપેરીંગ કામો એજન્સી પાસે કરાવેલ છે. અને જરૂરિયાત મુજબ પત્રવ્યવહાર કરીને દરેક રીપેરીંગ કામો સાઈટ પર પૂર્ણ થાય તે માટે જરૂરી સુચનાઓ, તાકીદ અને નોટીસ આપેલ છે. રીપેરીંગ કામોમાં વિલંબ થવાના કિસ્સામાં એજન્સી રનીંગ બીલ પેનલ્ટી પેટે રકમ કપાત કરવામાં આવેલ છે.<br>૧) એજન્સીનાં રનીંગ બિલમાંથી તા.૦૫/૧૧/૨૦૨૫ થી ૦૪/૦૫/૨૦૨૬ માંથી ટેન્ડર શરત મુજબ <u>રૂ. ૮,૨૭,૪૧૧/-</u> રીકવરી રકમ સાથે કપાત કરવામાં આવેલ. |
| | આ ખામીઓના કારણે પ્લાન્ટ તેની મંજૂર ક્ષમતા મુજબ કામગીરી કરી રહ્યો છે કે નહીં અને ટ્રીટમેન્ટની ગુણવત્તા GPCB/CPCBના ધોરણો મુજબ જળવાઈ રહી છે કે નહીં? | પ્લાન્ટ માં આવતા તમામ ગંદા પાણીની રેગ્યુલર શુદ્ધિકરણ કરવામાં આવે છે.<br>ટ્રીટમેન્ટ થયેલ સુએજ વોટરની ગુણવત્તા GPCB/CPCBના ધોરણો મુજબ જળવાઈ રહી છે. કયારેક GPCB ધારાધોરણ મુજબ ગંદા પાણીની ટ્રીટમેન્ટની ગુણવત્તા ન જળવાય ત્યારે ટેન્ડર શરત મુજબ એજન્સી રનીંગ બીલ માંથી પ્રતિ દિવસ |

| | | |
|---|---|---|
| | | ટ્રીટ થયેલ પાણીના પ્રતિ દિનની રકમના ૫૦% રકમ પેનલ્ટી લેખે કપાત કરવામાં આવે છે. |
| | જો નહીં, તો છેલ્લા એક વર્ષ દરમિયાન કેટલું અશુદ્ધ અથવા અધૂરું ટ્રીટ થયેલું પાણી છોડવામાં આવ્યું છે, તેની જવાબદારી કોની છે? | પ્લાન્ટ માં આવતા તમામ ગંદા પાણીની રેગ્યુલર શુદ્ધિકરણ કરવામાં આવે છે.<br>અનિવાર્ય સંજોગો જેવા કે બેઝીન ડીફ્યુઝર, ડીકેન્ટર અને બેઝીન મુખ્ય પાઈપલાઈન લીકેજ જેવા મેઇન્ટેનન્સ કામોમાં અશુદ્ધ અથવા અધૂરું ટ્રીટ થયેલું પાણી તમામ અથવા આંશિક રીતે છોડવાની ફરજ પડે છે. |
| | અને સમગ્ર પ્લાન્ટને સંપુર્ણ કાર્યરત બનાવવા માટે તંત્રનો સમયબદ્ધ એક્શન પ્લાન શું છે? | હાલમાં પ્લાન્ટ સમ્પુર્ણ પણે કાર્યરત હોય, સ્ટેન્ડબાય મશીનરી તથા પ્લાન્ટની જુદી જુદી ક્ષતીઓ નિયમિત પણે દુર કરવામાં આવશે.<br>રીપેરીંગમાં હોય તેવી મશીનરીની વિગત:<br>૧) બ્લોઅર-૪ તા. ૨૯.૬.૨૬ થી મેઈન્ટેનન્સમાં છે. ટ્વીન લોબ રોટર અલાઈમેન્ટ અને બેરીંગ સીટમાં ઘસારાનો પ્રોબ્લેમ હોય, આ બ્લોવારને ટોટલ ઓવર હોલ (overhauling) કરવાની જરૂર હોવાથી , હાલ એજન્સી દ્વારા બ્લોઅર રીપેરીંગ કામના જાણકાર ટીમ પાસેથી મેઈન્ટેનન્સ કરાવવા માટે વ્યવસ્થા કરાયેલ છે. આ કામ તા. ૩૧.૦૮.૨૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.<br><br>બંધ મશીનરીની તા. ૨૦.૦૭.૨૦૨૬ સુધીની પેનલ્ટી વિગત નીચે મુજબ છે.<br>બ્લોવર -૩,૪,૫,૮ અને ટ્રાન્સફોર્મર-૨ માટે તા. ૨૦.૦૭.૨૬ સુધી કુલ પેનલ્ટી રકમ રૂ. ૫૭,૦૦૦/- કરવાની થાય છે. (પ્રતિ દિવસ – રૂ. ૧૦૦૦/-)<br><br>**નોંધ: - ટેન્ડરની શરત મુજબ નિયત સમયગાળા મેઈન્ટેનન્સ કામ ન પુર્ણ થતા તેની ભરપાઇ પેનલ્ટી પેટે એજન્સીના રનીંગ બીલમાંથી કપાત કરવામાં આવશે.** |

શાખા: વોટર મેનેજમેન્ટ યુનિટ

શાખાધિકારીની સહી: ____________

શાખા અધિકારીનું નામ : કે.પી. દેથરીયા

હોદો : એડી. સીટી. એન્જીનીયર(વો.મે.યુ)

# રાજકોટ મહાનગર સેવાસદન

પશ્ચિમ ઝોન કચેરી
(બાંધકામ/વોટર વર્કસ/ડ્રેનેજ શાખા)
" શ્રી હરિસિંહજી ગોહિલ વિભાગીય કચેરી "
બીગ બજાર પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.

---

વિષયઃ- તા.૨૦-૦૭-૨૦૨૬ નાં રોજ મળનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ.

સભ્યશ્રીનું નામઃ- શ્રી પ્રવિણભાઇ બી. સેગલીયા વોર્ડ નંબરઃ- ૮

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નંબર (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૨૭ | ૩ | રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નંબર-૮ વિસ્તારમાં કે.કે.વી. હોલ થી બીગ બજાર સુધીના ૧૫૦ ફુટ રીંગ રોડ તેમજ મારૂતિનગર ચોક અને તેની આસપાસના રહેણાંક વિસ્તારોમાં દર ચોમાસામાં વરસાદી પાણી ભરાવાની ગંભી અને પુનરાવર્તિત સમસ્યા સર્જાય છે, જેનાં કારણે માર્ગ વ્યવહાર ખોરવાય છે, ઘરોમાં પાણી ઘૂસે છે અને સ્થાનિક નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન આ અંગે મહાનગરપાલિકાને કેટલી રજુઆતો અને ફરીયાદો મળી છે. તેના આધારે કઇ કાર્યવાહી કરવામાં આવી છે અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? છતાં પણ સમસ્યાનો કાયમી ઉકેલ કેમ આવ્યો નથી ? આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે મહાનગરપાલિકા દ્વારા કોઇ માસ્ટર પ્લાન, ડ્રેનેજ ક્ષમતાવર્ધન યોજના અથવા સ્ટ્રોમ વોટર ડ્રેનેજ પ્રોજેકટ તૈયાર કરવામાં આવ્યો છે કે કેમ ? તેમજ રાજ્ય સરકાર અથવા અન્ય કોઇ એજન્સી પાસેથી કોઇ પ્રોજેકટ મંજુર થયો હોય તો તેની હાલની સ્થિતિ, અંદાજીત ખર્ચ, અમલીકરણની સમયમર્યાદા અને પૂર્ણતાની તારીખ અંગે વિગતવાર માહિતી જનરલ બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવે. | વોર્ડ નં.-૮ ખાતે કે.કે.વી. હોલથી બીગ બજાર સુધીના ૧૫૦ ફૂટ રીંગ રોડ તથા મારૂતિનગર ચોક અને આસપાસના વિસ્તારમાં વરસાદી પાણી ભરાવા અંગે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કૂલ-૦૨ રજૂઆતો/ફરિયાદો પ્રાપ્ત થયેલ છે. પ્રાપ્ત થયેલી દરેક રજૂઆતના અનુસંધાને સ્થળ પર ટેકનિકલ તપાસ કરી જરૂરી તાત્કાલિક તથા સુધારાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.<br>હૈયાત ૧૫૦ ફુટ રીંગ રોડ પર સાઇકલ ટ્રેકની બાજુમાં બીગ બજાર ચોક થી કે.કે.વી. ચોક સુધી ૬૦૦ એમ.એમ. ડાયા.ની સ્ટ્રોમ વોટર પાઇપ પાઇપ લાઇન નાંખવામાં આવેલ છે.<br>આ વિસ્તારની વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવવા માટે અમીન માર્ગ કોર્નરથી બીગ બજાર ચોક સુધી નવી ૬૦૦ એમ.એમ. સ્ટ્રોમ વોટર ડ્રેનેજ પાઇપલાઇન નાખવાની કામગીરી કરવામાં આવેલ છે, જેના પાછળ અંદાજે રૂ.૨૨.૩૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. ઉપરાંત બીગ બજાર ચોક ખાતે વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે વધારાનું મુખ્ય જોડાણ **(Main Connection)** હાલની સ્ટોર્મ વોટર ડ્રેનેજ વ્યવસ્થામાં આપવામાં આવેલ છે. તેમજ મારૂતિનગર ચોક વિસ્તારમાં હયાત સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઇનના મેનહોલોની નિયમિત સફાઈ તથા જેટિંગ મશીન દ્વારા જાળવણીની કામગીરી કરવામાં આવે છે. |

# રાજકોટ મહાનગર સેવાસદન

પશ્ચિમ ઝોન કચેરી

(બાંધકામ/વોટર વર્કસ/ડ્રેનેજ શાખા)

" શ્રી હરિસિંહજી ગોહિલ વિભાગીય કચેરી "

બીગ બજાર પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.


| | | | |
|---|---|---|---|
| | | | ઉપરોક્ત કામગીરીના પરિણામે સામાન્ય વરસાદની પરિસ્થિતિમાં આ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ અંગે કોઈ નોંધપાત્ર સમસ્યા સર્જાતી નથી. જોકે, અલ્પ સમયગાળામાં અત્યંત વધુ તીવ્રતાથી વરસાદ પડતો હોય ત્યારે ઉપરવાસના વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં વરસાદી પાણીનો પ્રવાહ એકસાથે આ વિસ્તારમાં આવતો હોવાથી ટૂંકા સમય માટે પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ શકે છે. તેમ છતાં વરસાદ બંધ થયા અથવા તેની તીવ્રતા નોંધપાત્ર રીતે ઘટ્યા બાદ અંદાજે ૨૦ થી ૨૫ મિનિટના સમયગાળામાં સ્ટોર્મ વોટર ડ્રેનેજ વ્યવસ્થા દ્વારા વરસાદી પાણીનો નિકાલ થઈ પરિસ્થિતિ સામાન્ય બની જાય છે.<br>આ વિસ્તાર અગાઉ કુદરતી વરસાદી પાણીના વહેણ (વોકળા) તરીકે કાર્ય કરતો વિસ્તાર હતો. શહેરી વિકાસ તથા માર્ગ વિકાસને અનુરૂપ હાલ તે સ્થળે ૯૦૦ મી.મી. વ્યાસની સ્ટોર્મ વોટર ડ્રેનેજ પાઇપલાઇન કાર્યરત છે, જે સ્વીકૃત ઇજનેરી ધોરણો અને ડિઝાઇન રેઇનફોલના માપદંડોને આધારે નિર્માણ કરવામાં આવેલ છે. માર્ગની ઉપલબ્ધ ૧૨ મીટર પહોળાઈ તથા તેમાં આવેલ પીવાના પાણીની લાઇન, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, ગટર, વીજળી, ટેલિકોમ સહિતની વિવિધ અન્ડરગ્રાઉન્ડ યુટિલિટીઝને કારણે હાલની પાઇપલાઇન કરતાં વધુ મોટા વ્યાસની સ્ટોર્મ વોટર લાઇન સ્થાપિત કરવી ટેકનિકલી તથા વ્યવહારિક રીતે શક્ય બનતી નથી. તેથી વરસાદી પાણીના નિકાલમાં વધુ સુધારો થાય તે માટે અન્ય ઇજનેરી વિકલ્પો અપનાવવામાં આવી રહ્યા છે.<br>તેના ભાગરૂપે બીગ બજારથી મારૂતિ પાર્ક વોકળા સુધી સીસી રોડ બનાવવાની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં વરસાદી પાણીના વધુ અસરકારક સંગ્રહ અને ઝડપી નિકાલ માટે વધારાના સ્ટોર્મ વોટર કેચ પિટ **(Catch Pits)** બનાવવાની જોગવાઈ કરવામાં |

રાજકોટ મહાનગર સેવાસદન
પશ્ચિમ ઝોન કચેરી
(બાંધકામ/વોટર વર્કસ/ડ્રેનેજ શાખા)
" શ્રી હરિસિંહજી ગોહિલ વિભાગીય કચેરી "
બીગ બજાર પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.

| | | | |
|---|---|---|---|
| | | | આવેલ છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ વરસાદી પાણીના નિકાલની કાર્યક્ષમતામાં વધુ સુધારો થશે અને ભારે વરસાદ દરમિયાન પાણીના ઝડપી નિકાલમાં નોંધપાત્ર મદદરૂપ થશે.<br>સદર કામગીરી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (**Swarnim Grant**) હેઠળ હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે. હાલમાં આ કામગીરી માટે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તથા ટૂંક સમયમાં પ્રાઈસ બિડ ખુલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિયમોનુસાર વર્ક ઓર્ડર આપી કામગીરી શરૂ કરવામાં આવશે.<br>રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના સંવેદનશીલ વરસાદી પાણી ભરાવાના વિસ્તારોનું સતત ટેકનિકલ મોનિટરિંગ કરવામાં આવે છે અને ફિલ્ડ અનુભવના આધારે જરૂરી સ્થળોએ તબક્કાવાર સ્ટોર્મ વોટર ડ્રેનેજ વ્યવસ્થાના સુધારા, ક્ષમતામાં વધારો તથા પૂરક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, જેથી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા વધુ કાર્યક્ષમ અને લાંબા ગાળે વધુ સુદ્રઢ બની શકે. |

શાખા - ........................................ શાખાધિકારીની સહી-     ઇ/ચા. સીટી એન્જીનીયર (સ્પે.)
(વેસ્ટ ઝોન)
રાજકોટ મહાનગરપાલિકા